mahindra Rise

# કાર્યસ્થળ પર જાતીય સતામણીનું નિવારણ



મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિ. ('કંપની') તેના તમામ કાર્યસ્થળોએ સલામત, અનુકૂળ અને સતામણીથી મુક્ત માહોલ પૂરો પાડવામાં વિશ્વાસ ધરાવે છે. અમે કામના સ્થળે જાતીય સતામણીને સહેજ પણ સાંખી નહીં લેવાનો અભિગમ ધરાવીએ છીએ. જાતીય સતામણીમાં જાતીય સ્વરૂપના પ્રત્યક્ષ અથવા ગર્ભિત અનિચ્છનીય શારીરિક, શાબ્દિક કે બિન-શાબ્દિક આચરણનો સમાવેશ થાય છે.

## પ્રયોજ્યતા:

આ નીતિ કંપની અને તેની સહાયક કંપનીને લાગુ પડે છે અને તે કોઈ પણ સ્થળે (કાર્યસ્થળે) કંપની સાથે સંકળાયેલી કે તેની મુલાકાત લઈ રહેલી તમામ વ્યક્તિઓને આવરી લે છે. તે જાતીય રીતે તટસ્થ નીતિ છે અને તે તમામ કર્મચારીઓને તેમના જાતીય અભિગમ કે પસંદગીઓને ધ્યાન પર લીધા વિના લાગુ થાય છે.

## ફરિયાદો:

જાતીય સતામણીની કોઇપણ ફરિયાદની તપાસ કરવામાં આવશે અને જો તે સાબિત થઈ તો તેને ગંભીર ગેરવર્તણૂક અને કંપનીની આચારસંહિતા તથા સેવાના નિયમોનું ઉલ્લંઘન ગણવામાં આવશે અને સંબંધિત વ્યક્તિ વિરૂદ્ધ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કાર્યસ્થળે જાતીય સતામણીનો અનુભવ કરનારી કોઇપણ વ્યથિત વ્યક્તિએ વહેલીતકે સંબંધિત ઇન્ટર્નલ કમ્પલેન્ટ્સ કમિટી (આઇસીસી)ના સભ્યનો સંપર્ક કરવો જોઇએ, જેઓ ફરિયાદ દાખલ કરવા સંબંધે માર્ગદર્શન અને જ્યાં સુધી આ ફરિયાદનો નિકાલ ન આવે ત્યાં સુધી તમામ વાજબી સહાય પૂરી પાડશે. છેલ્લે ઘટેલી ઘટનાની તારીખથી ત્રણ મહિનાની અંદર સંબંધિત આઇસીસીને લેખિતમાં ફરિયાદ સોંપવાની રહેશે. કોઈ પણ ઝોનલ આઇસીસીમાં કામના અતિશય ભારણ હોવાના કિસ્સામાં ચીફ એથિક્સ ઑફિસર અન્ય કોઈ ઝોનલ આઇસીસીને નવી ફરિયાદ સોંપી શકે છે અથવા તો આ સંબંધે તપાસ હાથ ધરવા માટે કામચલાઉ રીતે અન્ય કોઈ ઝોનલ આઇસીસીમાંથી આ આઇસીસીમાં કોઈ સભ્યની નિમણૂક કરી શકે છે. પ્રત્યેક તપાસ – ૯૦ દિવસની અંદર પૂરી કરી લેવામાં આવશે.

## ગુપ્તતા:

કોઇપણ ફરિયાદને લગતી તમામ માહિતી સાથે તમામ સંભવિત કાળજી, સંવેદનશીલતા અને વિવેક સાથે કાર્યવાહી કરવામાં આવશે અને કોઇપણ પક્ષ કે સાક્ષીની ઓળખ છતી કરી શકે તેવી કોઇપણ માહિતીને પ્રકાશિત કરવામાં આવશે નહીં, સંચારિત કરવામાં આવશે નહીં કે જનતા, પ્રેસ કે મીડિયામાં કોઇપણ પ્રકારે જાહેર કરવામાં આવશે નહીં.

## સુરક્ષા:

જો પરિસ્થિતિ મુજબ જરૂરિયાત લાગે અને પીડિત/ફરીયાદીને કોઇપણ પ્રકારનો ભય લાગે તો, કંપની ફરિયાદીને સુરક્ષા પૂરી પાડશે. કોઇપણ તપાસ અનિર્ણિત રહે તે દરમિયાન ફરિયાદી વચગાળાની રાહત માટે આઇસીસીને લેખિતમાં વિનંતી સોંપી શકે છે અને આઇસીસી દ્વારા કિસ્સા-દર-કિસ્સા આધારે તેને ધ્યાન પર લેવામાં આવશે અને તેના અંગે નિર્ણય લેવામાં આવશે.

## સમાધાન દ્વારા ઉકેલ લાવવો:

કોઇપણ તપાસ શરૂ કરતાં પહેલાં જો ફરિયાદી વિનંતી કરે તો, આઇસીસી સમાધાન મારફતે આ ફરિયાદનો ઉકેલ લાવી શકે છે, પરંતુ તેના માટે શરત એ છે કે, આ પ્રકારના સમાધાનના આધાર તરીકે કોઇપણ પ્રકારનું નાણાકીય સમાધાન કરવામાં આવશે નહીં.

## ખોટી અથવા દ્વેષપૂર્ણ ફરિયાદો:

ખોટી અથવા દ્વેષપૂર્ણ ફરિયાદો દાખલ કરનારી કે પછી બનાવટી કે ગેરમાર્ગે દોરનારા દસ્તાવેજો રજૂ કરનારી કોઇપણ વ્યક્તિ વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેમાં સેવામાંથી બરતરફ કરવાનો સમાવેશ થાય છે પરંતુ આ કાર્યવાહી આટલા પૂરતી મર્યાદિત રહેશે નહીં.

## જાગૃતિ અને તાલીમ:

કંપની જાગૃતિ કાર્યક્રમો હાથ ધરશે અને જાતીય સતામણી અંગે તમામ કર્મચારીઓને સંવેદનશીલ બનાવવા માટે સંવાદ માટેની ફોરમોની રચના કરશે.

વધુ માહિતી આ પીઓએસએચ નીતિ હેઠળ પ્રકાશિત કરવામાં આવેલી માર્ગદર્શિકામાં મળી રહેશે.